# રાજ્ય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય પાસે, સેકટર-૨૧, ગાંધીનગર - ૩૮૨૦૨૧
ફોન નંબર : (૦૭૯) ૨૩૨૪૮૪૬૧,૨૩૨૪૮૪૬૨ ઈ-મેઈલ એડ્રેસ : gseb21@gmail.com

પરિપત્ર ક્રમાંક:રાપબો/TAT-S/૨૦૨૬/4435-74 તા:૦૧/૦૪/૨૦૨૬

વિષય: "શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) – ૨૦૨૬" ની પ્રાથમિક કસોટીની તારીખમાં ફેરફાર બાબત..

સંદર્ભ : (૧) રાજ્ય પરીક્ષા બોર્ડનાં જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-S/૨૦૨૬/૨૨૦૯-૨૨૪૯, તા:૧૨/૦૨/૨૦૨૬

**પરિપત્ર:**

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સંદર્ભ (૧) દર્શિત જાહેરનામાં અનુસાર "શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) – ૨૦૨૬" નુ આયોજન તા:૨૬/૦૪/૨૦૨૬ નાં રોજ કરવામાં આવેલ હતું.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૬ના પત્ર ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦૨૬/ક-૯૬૪૭-૯૭૬૧ ની અખબારી યાદી દ્વારા તા:૨૬/૦૪/૨૦૨૬ નાં રોજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ નુ આયોજન કરવામાં આવેલ છે.

ઉક્ત પરિસ્થિતિને ધ્યાને લેતા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સંદર્ભ (૧) થી નિયત થયેલ "શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) – ૨૦૨૬" ની પ્રાથમિક કસોટી તા:૨૬/૦૪/૨૦૨૬ નાં બદલે હવે તા:૦૩/૦૫/૨૦૨૬ નાં રોજ આયોજિત કરવામાં આવેલ છે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી.

રાજ્ય પરીક્ષા બોર્ડના તા:૧૨/૦૨/૨૦૨૬ નાં જાહેરનામાંની અન્ય બાબતો / જોગવાઈઓ યથાવત રહેશે. પરીક્ષા સબંધિત વિગતોથી સતત માહિતગાર થવા માટે http://www.sebexam.org વેબસાઇટ જોતા રહેવાનું રહેશે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાનાં શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, રા.ક. શિક્ષણ મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી, (પ્રા. અને મા. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- સંયુકત સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર -૩૮૨૦૧૦.